# Day to Day Current Affairs

3 April -2015

૧) **સેરેના વિલિયમ્સ** : ટેનિસ : માયામી ઓપનમાં સેમીફાઇનલમાં પ્રવેશવાની સાથે જ સેરેનાએ ડબલ્યુ ટીએ કારકિર્દીમાં 700મો વિજય હાંસલ કર્યો હતો. સેરેના આ સિધ્ધિ મેળવનાર વિશ્વની આઠમી મહિલા ખેલાડી છે. આ લિસ્ટમાં પ્રથમ ક્રમે અમેરિકાની માર્ટીના નવરાતિલોવા છે. નવરાતિલોવાએ 1442 ડબલ્યુ ટીએ મેચ જીતી છે સેરેનાએ પોતાની 700મી જીત જર્મનીની સેબિન લિસિસ્કીને પરાજય આપી મેળવી હતી.

૨) **ઑપરેશન 'રાહત'** : સાઉદી અરબ અને તેના મિત્ર ૬ દિવસથી યમનના શિયા વિદ્રોહીઓને લડાયક વિમનો દ્વારા પોતાનુ નિશાન બનાવ્યા છે. બન્ને દેશોની આ લડાઈના કારણે યમનમા વસેલા ભારતીય મૂળના નાગરિકોને પોતાનુ ઘર મિલકત અને બધુ જ છોડીને નાસી છૂટવાની ફરજ પડી છે. ભારતે પોતાના નાગરિકોને પરત લાવવા માટે હવાઇ તથા દરિયાઇ અભિયાન શરૂ કર્યું છે, જેને ઑપરેશન 'રાહત' નામ આપવામા આવ્યુ છે.

3) **આંધ્રની રાજધની માટે બૌદ્ધનગરી અમરાવતીનું નામ ફાઇનલ** : મુળ આંધ્રપ્રદેશમાંથી આંધ્રપ્રદેશ અને તેલંગણાએ બે રાજ્યો છુટા પડ્યા તેમાં રાજધાનીનું શહેર હૈદરાબાદ તેલંગણામાં જતું રહ્યું. જોકે,તો દસ વર્ષ સુધી હૈદરાબાદ બંને રાજ્યોની સંયુકત રાજધાની રહેવાનું જ છે પરંતુ આ સમયગાળામાં આંધ્રએ પોતાની નવી રાજધની વિકસાવવા માટે ગંતુર તથા વિજયવાડા વચ્ચેકિષ્ના નદીના કિનારાની જગ્યા નક્કી કરી છે. આંધ્રના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ આ નવી રાજધાનીનું નામ'અમરાવતી' રાખવાનું ઔપચારિક રીતે જાહેર કર્યું છ

4 April -2015

૧) હનુમાન જ્યંતિ: ચૈત્ર સુદ પૂનમ

૨) **ભારતના ચેસ માસ્ટર આનંદનું નામ એક ગ્રહ સાથે જોડયું**: ભારતના લેજન્ડરી ચેસ ખેલાડી આનંદના નામ પરથી ગ્રહનું નામ '૪૫૩૮ વિશીઆનંદ' પાડવામા આવ્યું છે અત્યાર સુધી આ અનામી ગ્રહની શોધ ૧૦મી ઓક્ટોબર, ૧૯૮૮ના રોજ જાપાનના ખગોળશાસ્ત્રી કેન્ઝો સુઝુકીએ કરી હતી. આ ગ્રહ મંગળ અને ગુરુની ભ્રમણકક્ષા વચ્ચે આવેલો છે.

3) **૧૨ વર્ષની મુસ્લિમ વિધાર્થીનીએ ભગવતગીતા સ્પર્ધા જીતી** : ઈન્ટરનેશનલ સોસાયટી ફોર કૃષ્ણા કોન્સિયરનેસ (ઈસ્કોન) દ્વારા આયોજીત ' ગીતા ચેમ્પિયન્સ લીગ ' સ્પર્ધામાં આશારે 3000 વિધર્થીઓમાંથી મુંબઈ (મહારાષ્ટ્ર)ની મરિયમ સિધિકી પ્રથમ આવી હતી.

5 April -2015

૧) **૫ એપ્રિલ** : સમતા દિવસ. બાબુ જગજીવનરામની જન્મજયંતિ

www.vivekanandacademy.org

૨) **ડૉ.મૃ ગેશ વૈષ્ણવ**: મનોચિકિત્સક. જાણીતા મનોચિકિત્સક ડૉ.મૃ ગેશ વૈષ્ણવને સાઇકીયાટ્રીના વિવિધ ક્ષેત્રમાં યોગદાન બદલ ‘અમેરિકન સાઇકીયાટ્રીક એસોસિએશન’ દ્વારા આંતરરાષ્ટ્રીય ફ્લોશીપ એનાયત કરવામાં આવી છે.

3) **અઝલાનશાહ કપ : હોકી.** વર્લ્ડ હોકીમાં આગવી ઓળખ ધરાવતી અઝલાન શાહ કપ હોકી ટુર્નામેન્ટ મલેશિયાના ઇપોહમાં આજથી શરૂ થશેઆ વખતે 24મી અઝલાનશાહ ટુર્નામેન્ટ રમાશે. ટુર્નામેન્ટમાં6 દેશના ટીમો ભાગ લઇ રહી છે. જેમા ભારત ઉપરાંત ઑસ્ટ્રેલિયા, ન્યૂઝિલેન્ડ, દક્ષિણ કોરીયા, કેનેડા તેમજ યજમાન ટીમ મલેશિયા સ્પર્ધામાં ઉતરશે. ભારતીય ટીમ પાંચ વખત અઝલન શાહ કપ જીતી ચૂ કીછે. ભારત કેપ્ટન : સરદાર સિંઘ. ભારત કોચ : પાલ વાન

www.Vivekanandacademy.org